PG CL
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ
PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૨/કવા–૦૨/૧૬–૧૭/ 9578 તા. 21/10/16

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
ડો. એલ.કે.વાળા,
ઠે. હોટલ સત્કાર ~~સીધ્ધ~~, સુવિધા.
એસ.ટી. સ્ટેન્ડ સામે, વેરાવળ,
જી. ગીર સોમનાથ

વિષય :–વીજબીલ બાબત (સ્લો મીટર) બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૨–૦૯–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૮૨/કવા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૫.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વેરાવળ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર પેટા વીભાગીય કચેરી, વેરાવળ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06 [13]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૮૨/કવા–૦૨/૧૬–૧૭ | કમિટિ મીટીગ તા.૨૧–૦૯–૧૬ | સ્થળ :જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામઃ ડો. એલ.કે.વાળા,ગામઃ વેરાવળ,

રજુઆત કરનાર : અરજદાર શ્રી ડો. એલ.કે.વાળા હાજર રહેલ હતા.

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : શહેર પેટા વીભાગીય કચેરી, વેરાવળ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વેરાવળ)

રજુઆત કરનાર :ડી.વી.લાખાણી, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી વેરાવળ, હાજર રહેલ હતા.

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત (સ્લો મીટર) બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, અરજદાર જણાવે છે કે, તેઓના વેરાવળ ખાતે, કુલ ૦૩ જોડાણો આવેલ છે. જેમા, પીજીવીસીએલ તરફથી તા.૦૮–૦૭–૧૬ ના રોજ સ્થળ ચકાસણી કરવામા આવેલ હતી. જેમા, ૦૩ માહે ના, કુલ ૦૨ જોડાણો ના મીટરો એકયુચેક મીટર થી ચેક કરી અને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, કુલ ૦૨ જોડાણો મા, મીટર ધીમાપણા ના પુરવણી બીલો આપવામા આવેલ છે. |
| ૧.૧ | તેમના જોડાણ નં. ૮૧૧૦૨/૦૦૦૮૮/૪ ( એનઆરજીપી – ૨૩.૫ કીવો ) નુ, એલએન્ડટી કંપની ના મીટર નં. ૧૧૧૫૨૧૬૫, પીજીવીસીએલ તરફથી તા.૦૮–૦૭–૧૬ ના રોજ, ચેકીગ શીટ નં. ૨૨૯૫૧ થી સ્થળ પર એકયુચેક મીટર થી ચેક કરી ને, મીટર ને ૭૮.૨૦% ધીમુ ફરતુ જાહેર કરાયેલ હતુ. આ સમયે જોડાણ મા કુલ ૧૯.૦૧૦ કીવો નો વીજભાર જોડાયેલ હતો, અને મીટર મા, ૩૧૯૫૫.૬૯ રીડીગ નોંધાયેલ હતા. આ સમયે, એકયુચેક મીટર રીડીગ અને મીટર ના પેરામીટર પણ મેળવવા મા આવેલ હતા. આમ, સદર મીટર સ્થળ પર ધીમુ ફરતુ હોવાનુ જણાયેલ હોય, મીટર ને સ્થળ પર થી ઉતારી, અને પેપર પેક કરાયેલ હતુ. અને, પર્ફોમા –૧૫ નંબરઃ ૧૦૮૯ તા.૦૯–૦૭–૧૬ થી ઉતારી, તેમજ પર્ફોમા –૧૫ નંબરઃ ૧૧૦૭૯ તા.૦૯–૦૭–૧૬ થી નવુ એવન કંપની નુ મીટર નં. પીજી ૬૫૧૫૬૪, જે શરૂઆતના ૦૦૦૦૦ રીડીગ થી મુકવામા આવેલ હતુ. ત્યારબાદ, સદર મીટર ને તા.૧૪–૦૭–૧૬ ના રોજ, અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, લેબોરેટરી મા – ટેસ્ટબેન્ચ પર ચડાવી અને ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન, સદર મીટર ની '' આરફેઇઝ તેમજ વાયફેઇઝ ની પીટી '', જે મીટર ની અચોકકસ પ્રકાર ની આંતરીક ખામી ને કારણે મળતી ન હતી. આમ,સદર મીટર મા, આંતરીક રચનાઓની ક્ષતિગ્રસ્તતા ને કારણે, '' આરફેઇઝ તેમજ વાયફેઇઝ ની પીટી '' મળતી ન હોવાનુ કારણ લેબોરેટરી ચકાસણી રીપોર્ટ મા નોંધવામા આવેલ છે. લેબોરેટરી ચકાસણી સમયે સદર મીટર ના પેરામીટર મેળવવા મા આવેલ હતા. જે મુજબ, '' આરફેઇઝ–૦૦.૦૦, તેમજ વાયફેઇઝ–૦૦.૦૦ '' જણાયેલ હતા. જયારે, '' બી ફેઇઝ–૨૨૧.૯૪ '' મુજબ ના હતા. તેમજ, છેલ્લા રીડીગ ૩૧,૯૫૪.૩૪ નોંધાયેલ જણાયેલ હતા. આમ, સદર મીટર સ્થળ પર ૭૮.૨૦% ધીમુ ફરતુ જણાયેલ હોવાના કારણોસર, પીજીવીસીએલ તરફથી, મીટર ઉતાર્યા તા.૦૯–૦૭–૧૬ પહેલાના, ૧૮૦ દિવસ ની, ૭૮.૨૦% મીટર ધીમાપણા ની ગણતરી અન્વયે ની આકારણી મુજબ ની, કુલ રકમ રૂ.૯,૫૦૩/૪૬ નુ, અરજદાર શ્રી ને પીજીવીસીએલ તરફથી, સદર જોડાણ નં. ૮૧૧૦૨/૦૦૦૮૮/૪ મા, પુરવણીબીલ, જે પત્ર નં. ૨૫૧૪ તા.૧૯–૦૭–૧૬ થી અપાયેલ છે. ફરીયાદી અરજદાર, ફોરમ કમિટી ને રૂબરૂ ચર્ચા દરમ્યાન, ખાસ વિનંતી સહ જણાવે છે કે, સદર મીટર ની ખરેખર તાંત્રીક સ્થિતી અને ખરેખર મીટર ધીમાપણા નો સમયગાળો, જે ગુણવતાયુકત ચકાસણી અને ખાસ કરીને એમ.આર.આઈ. અહેવાલ મા જણાયેલ બાબતો ને આધિન રહીને, તેઓ શ્રી ને અપાયેલ સવાલવાળુ પુરવણીબીલ મુલવવા માટે, ન્યાયિક રજુઆત કરેલ છે. |

| | |
|---|---|
| <u>૧.૨</u> | તેમના અન્ય બીજા જોડાણ નં. ૮૧૧૦૨/૦૦૦૮૯/૨ ( એલ.ટી.એમ.ડી – ૩૩ હોપા ) નુ, એલસ્ટાર કંપની ના મીટર નં. જીઈઓ ૭૭૧૯૯ ( ૫૨૩૫૯૮૨૮), પીજીવીસીએલ તરફથી તા.૦૮–૦૭–૧૬ ના રોજ, ચેકીગ શીટ નં. ૨૨૯૫૨ થી સ્થળ પર એકયુચેક મીટર થી ચેક કરી ને, મીટર ને ૫૩.૯૩ % ધીમુ ફરતુ જાહેર કરાયેલ હતુ. આ સમયે જોડાણ મા કુલ ૧૦.૦૯૬ કીવો નો વીજભાર જોડાયેલ હતો, અને મીટર મા, ૧૨૪૬૮૮ રીડીગ નોંધાયેલ હતા. આ સમયે, એકયુચેક મીટર રીડીગ અને મીટર ના પેરામીટર પણ મેળવવા મા આવેલ હતા. આમ, સદર મીટર સ્થળ પર ધીમુ ફરતુ હોવાનુ જણાયેલ હોય, મીટર ને સ્થળ પર થી ઉતારી, અને પેપર પેક કરાયેલ હતુ. અને, પર્ફોમા –૧૫ નંબર: ૧૦૮૭ તા.૦૯–૦૭–૧૬ થી ઉતારી અને નવુ એવન કંપની નુ મીટર નં. પીજી ૬૫૧૫૬૩, જે શરૂઆતના ૦૦૦૦૦ રીડીગ થી મુકવામા આવેલ હતુ. આ સમયે, જુના સવાલવાળા મીટર મા છેલ્લા રીડીગ, ૧૨૪૬૯૭, જે તા.૦૯–૦૭–૧૬ ના પર્ફોમા –૧૫ નંબર : ૧૦૮૭ મા નોંધાયેલ હતા. ત્યારબાદ, સદર મીટર ને તા.૧૪–૦૭–૧૬ ના રોજ, અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, લેબોરેટરી મા – ટેસ્ટબેન્ચ પર ચડાવી અને ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન, સદર મીટર ની ''વાયફેઇઝ ની પીટી '', જે મીટર ની અચોકકસ પ્રકાર ની આંતરીક ખામી ને કારણે મળતી ન હતી. આમ,સદર મીટર મા, આંતરીક રચનાઓની ક્ષતિગ્રસ્તતા ને કારણે, ''વાયફેઇઝ ની પીટી '' મળતી ન હોવાનુ કારણ લેબોરેટરી ચકાસણી રીપોર્ટ મા નોંધવામા આવેલ છે. લેબોરેટરી ચકાસણી સમયે સદર મીટર ના પેરામીટર મેળવવા મા આવેલ હતા. જે મુજબ, '' આરફેઇઝ–૨૪૦.૪, તેમજ વાયફેઇઝ–૦૦.૬૫ '' જણાયેલ હતા. જયારે, '' બી ફેઇઝ–૨૩૯.૬ '' મુજબ ના હતા. તેમજ, છેલ્લા રીડીગ ૧૨૪૬૯૭ નોંધાયેલ જણાયેલ હતા. આમ, સદર મીટર સ્થળ પર ૫૩.૯૩ % ધીમુ ફરતુ જણાયેલ હોવાના કારણોસર, પીજીવીસીએલ તરફથી, મીટર ઉતાર્યા તા.૦૯–૦૭–૧૬ પહેલાના, ૧૮૦ દિવસ ની, ૫૩.૯૩ % મીટર ધીમાપણા ની ગણતરી અન્વયે ની આકારણી મુજબ ની, કુલ રકમ રૂ.૨૫,૩૮૮/૩૫ નુ, અરજદાર શ્રી ને પીજીવીસીએલ તરફથી, સદર જોડાણ નં. ૮૧૧૦૨/૦૦૦૮૯/૨ મા, પુરવણીબીલ, જે પત્ર નં. ૨૫૧૫ તા.૧૯–૦૭–૧૬ થી અપાયેલ છે. ફરીયાદી અરજદાર, ફોરમ કમિટી ને રૂબરૂ ચર્ચા દરમ્યાન, ખાસ વિનંતી સહ જણાવે છે કે, સદર મીટર ની ખરેખર તાંત્રીક સ્થિતી અને ખરેખર મીટર ધીમાપણા નો સમયગાળો, જે ગુણવતાયુકત ચકાસણી અને ખાસ કરીને એમ.આર.આઈ. અહેવાલ મા જણાયેલ બાબતો ને આધિન રહીને, તેઓ શ્રી ને અપાયેલ સવાલવાળુ પુરવણીબીલ મુલવવા માટે, ન્યાયિક રજુઆત કરેલ છે. |
| <u>૧.૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ફોરમ કમિટી ને જણાવે છે કે, તેઓ શ્રી ને, પીજીવીસીએલ તરફથી અપાયેલ ઉપરોકત મુદદા નં. ૧.૧ અને ૧.૨ મુજબ ની વિગતે ના બન્ને પુરવણીબીલો ની, ૫૦% રકમ, જે તેઓશ્રી એ પીજીવીસીએલ મા, વાંધા સાથે તા.૦૧–૦૮–૧૬ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ છે. પરંતુ, સદર બીલો ને, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ના પીજીવીસીએલ મા અમલ રહેલ નિયમો મુજબ મુલવવા માટે, અરજદાર શ્રી એ ફોરમ સમક્ષ ખાસ વિનંતી કરેલ છે. |

**<u>મુદદા નં.–૨ :</u> <u>પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત</u>**

| | |
|---|---|
| <u>૨</u> | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો, ફરીયાદ અરજદાર ના સવાલવાળા ૦૨ જોડાણો મા અપાયેલ, મીટર ધીમાપણા ના કુલ ૦૨ પુરવણીબીલો બાબતે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે |
| <u>૨.૧</u> | ફરીયાદી અરજદાર શ્રી ના જોડાણ નં. ૮૧૧૦૨/૦૦૦૮૮/૪ ( એનઆરજીપી – ૨૩.૫ કીવો ) નુ, એલએન્ડટી કંપની ના મીટર નં. ૧૧૧૫૨૧૬૫ ને પીજીવીસીએલ તરફથી તા.૦૮–૦૭–૧૬ ના રોજ, ચેકીગ શીટ નં. ૨૨૯૫૧ થી સ્થળ પર એકયુચેક મીટર થી ચેક કરી ને, મીટર ને ૭૮.૨૦% ધીમુ ફરતુ જાહેર કરાયેલ હતુ. આ સમયે જોડાણ મા કુલ ૧૯.૦૧૦ કીવો નો વીજભાર જોડાયેલ હતો, અને મીટર મા, ૩૧૯૫૫.૬૯ રીડીગ નોંધાયેલ હતા. આ સમયે, એકયુચેક મીટર રીડીગ અને મીટર ના પેરામીટર પણ મેળવવા મા આવેલ હતા. આમ, સદર મીટર સ્થળ પર ધીમુ ફરતુ હોવાનુ જણાયેલ હોય, મીટર ને સ્થળ પર થી ઉતારી, અને પેપર પેક કરાયેલ હતુ. અને, પર્ફોમા –૧૫ નંબર: ૧૦૮૯ તા.૦૯–૦૭–૧૬ થી ઉતારી, તેમજ પર્ફોમા –૧૫ નંબર: ૧૧૦૭૯ તા.૦૯–૦૭–૧૬ થી નવુ એવન કંપની ના મીટર નં. પીજી ૬૫૧૫૬૪, જે શરૂઆતના ૦૦૦૦૦ રીડીગ થી મુકવામા આવેલ હતુ. ત્યારબાદ, સદર મીટર ને તા.૧૪–૦૭–૧૬ ના રોજ, અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, લેબોરેટરી મા – ટેસ્ટબેન્ચ પર ચડાવી અને ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન, સદર મીટર ની '' આરફેઇઝ તેમજ વાયફેઇઝ ની પીટી '', જે મીટર ની અચોકકસ પ્રકાર ની આંતરીક ખામી ને કારણે મળતી ન હતી. આમ,સદર મીટર મા, આંતરીક રચનાઓની ક્ષતિગ્રસ્તતા ને કારણે, '' આરફેઇઝ તેમજ વાયફેઇઝ ની પીટી '' મળતી ન હોવાનુ કારણ લેબોરેટરી ચકાસણી રીપોર્ટ મા નોંધવામા આવેલ છે. લેબોરેટરી ચકાસણી સમયે મીટર મા છેલ્લા રીડીગ ૩૧,૯૫૪.૩૪ નોંધાયેલ હોવાનુ જણાયેલ હતુ. તેમજ, સદર મીટર ના પેરામીટર મેળવવા મા આવેલ હતા. જે મુજબ, '' આરફેઇઝ–૦૦.૦૦, તેમજ વાયફેઇઝ–૦૦.૦૦ '' જણાયેલ હતા. જયારે, '' બી ફેઇઝ–૨૨૧.૯૪ '' મુજબ ના જણાયેલ હતા. તેમજ, છેલ્લા રીડીગ ૩૧,૯૫૪.૩૪ નોંધાયેલ જણાયેલ હતા. આમ, સ્થળ ચકાસણી સમયે સદર મીટર સ્થળ પર ૭૮.૨૦% ધીમુ ફરતુ જણાયેલ હોવાની બાબત ને, લેબોરેટરી ચકાસણી દરમ્યાન પુરતુ સમર્થન મળેલ હોવાના કારણોસર, પીજીવીસીએલ તરફથી, મીટર ઉતાર્યા તા.૦૯–૦૭–૧૬ પહેલાના, જાન્યુઆરી –૧૬ થી મીટર ઉતાર્યા તા.૦૮–૦૭–૧૬ સુધી ના સમયગાળા દરમ્યાન ના, કુલ ૧૮૨ દિવસ દરમ્યાન ના સદર મીટર મા |

| | |
|---|---|
| | જણાયેલ ૭૮.૨૦% મીટર ધીમાપણા ની ગણતરી અન્વયે ની ( એટલેકે મીટર મા સદર મીટર મા માત્ર ૨૧.૮૦% મુજબ જ યુનીટ રેકોર્ડીગ થયેલ હોય) જેથી, ૭૮.૨૦% ઓછા રેકોર્ડીગ થયેલ એવા ૧૨૪૨ યુનીટ ની આકારણી અન્વયે ની ગણતરી મુજબ ની કુલ રકમ રૂ.૯,૫૦૩/૪૬ નુ પુરવણીબીલ, જે પત્ર નં. ૨૫૧૪ તા.૧૯–૦૭–૧૬ થી અપાયેલ છે. આ બાબત પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. અરજદારે સદર પુરવણીબીલ ની ૫૦% રકમ તા.૦૧–૦૮–૧૬ ના રોજ પીજીવીસીએલ મા વાંધા સાથે ભરપાઈ કરી આપેલ છે. |
| **૨.૨** | ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગત ના અનુસંધાને, વિશેષ મા જણાવવાનુ કે, સદર સવાલવાળા મીટર નો એમ.આર.આઈ. અહેવાલ પણ ડાઉનલોડ કરવામા આવેલ હતો. જે ''લોડ ટેમ્પર ડેટા'' અભ્યાસે લેતા, '' કુલ ૧૦૪ અકરન્સ અને ૧૦૪ રેસ્ટોરેસન કાઉન્ટ ''જણાયેલ હતા. આ બાબત, સદર સવાલવાળા મીટર ની અચોકકસ પ્રકાર ની આંતરીક ખામી ના કારણોસર, '' આરફેઇઝ તેમજ વાયફેઇઝ ની પીટી મીસીગ હોવાના કારણોસર, વપરાશી એવા નોંધાયેલ વીજભાર ની સામે વપરાશી યુનીટ '' ઓછા નોંધાયેલ હોવાની બાબત, જે રેકર્ડ આધારીત રીતે, સ્પષ્ટ થયેલ છે. તદઉપરાંત, સદર જોડાણ ના બીલીગ એકાઉન્ટ ( પી.આર.ટી.–૧૪૫) મા રેકર્ડ થયેલ મીટર બદલાવ્યા પહેલાના અગાઉ ના વર્ષ–૨૦૧૧ થી વર્ષ– ૨૦૧૫ સુધી ના ૦૫ વર્ષ દરમ્યાન ના બીલીગ ની વાસ્તવિક વીજવપરાશી યુનીટ ની બાબતો અભ્યાસે લેતા જણાયેલ છે કે, સદર જોડાણ મા, આ પાંચ વર્ષો દરમ્યાન પ્રતિ બીલીગ સરેરાશી વીજવપરાશ ૫૦૦ યુનીટ થી વિશેષ રહેલ છે. જયારે, સવાલવાળા મીટર ધીમાપણા ના વર્ષ–૨૦૧૬ દરમ્યાન વીજવપરાશ ૧૨૧ યુનીટ રહેલ છે. તેમજ, સદર જોડાણ નુ સવાલવાળુ, ધીમાપણા વાળુ, મીટર બદલાવ્યા પછી, માહે જુલાઈ–૧૬ મા ૧૪૨ યુનીટ, ઓગષ્ટ–૧૬ મા ૫૩૦ યુનીટ, તેમજ સપ્ટેમ્બર–૧૬ મા ૩૬૪ યુનીટ નો વીજવપરાશ નોંધાયેલ છે. આ તમામ બાબતો, સદર મીટર મા જણાયેલ ધીમાપણા ને રેકર્ડ આધારીત સમર્થન આપે છે.આમ, સદર મીટર મા નવેમ્બર –૧૫ થી જુલાઈ–૧૬ સુધી ના કુલ ૦૯ માસ દરમ્યાન, સદર મીટર, આંતરીક ક્ષતી ના કારણે ( આરફેઇઝ તેમજ વાયફેઇઝ ના કારણે) ૭૮.૨૦% ધીમુ ( વપરાશી વીજભાર સામે ઓછા યુનીટ રેકોર્ડીગ) ફરતુ જણાયેલ હોવાના કારણોસર, પીજીવીસીએલ તરફથી, ગ્રાહક શ્રી ને, સદર ૦૯ માસ ના ધીમાપણા ની ગણતરી નુ પુરવણીબીલ આપવાને બદલે, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૩૩ મા કરાયેલ જોગવાઈ મુજબ, ૦૬ માસ ના મીટર ધીમાપણા ની ગણતરીનુ, એટલેકે ફેબ્રુઆરી–૧૬ થી જુલાઈ–૧૬ સુધી ના, કુલ ૧૮૨ દિવસ ની, ૭૮.૨૦% ની મીટર ધીમાપણા ની ગણતરી અન્વયે, ઓછા રેકોર્ડીગ થયેલ એવા ૧૨૪૨ યુનીટ ની રકમ નુ, રૂ. ૯૫૦૩/૪૬ નુ પુરવણીબીલ, જે પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, અરજદાર શ્રી ને પત્ર નં. ૨૫૧૪ તા.૧૯–૦૭–૧૬ થી અપાયેલ છે,તે નામદાર જીઈઆરસી ના ધારાધોરણ મુજબ પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. |
| **૨.૩** | ફરીયાદી અરજદાર શ્રી ના અન્ય બીજા જોડાણ નં. ૮૧૧૦૨/૦૦૦૮૯/૨ ( એલ.ટી.એમ.ડી – ૩૩ હોપા ) નુ, એલસ્ટાર કંપની ના સવાલવાળા મીટર ને, પીજીવીસીએલ તરફથી તા.૦૮–૦૭–૧૬ ના રોજ, ચેકીગ શીટ નં. ૨૨૯૫૨ થી સ્થળ પર એકયુચેક મીટર થી ચેક કરી ને, મીટર ને ૫૩.૯૩ % ધીમુ ફરતુ જાહેર કરાયેલ હતુ. આ સમયે જોડાણ મા કુલ ૧૦.૦૯૬ કીવો નો વીજભાર જોડાયેલ હતો. આ સમયે, એકયુચેક મીટર રીડીગ અને મીટર ના પેરામીટર પણ મેળવવા મા આવેલ હતા. આમ, સદર સવાલવાળુ , એલસ્ટાર કંપની નુ મીટર નં. ૦૨૩૫૯૮૨૮, સ્થળ પર ધીમુ ફરતુ હોવાનુ જણાયેલ હોય, મીટર ને સ્થળ પર થી ઉતારી, અને પેપર પેક કરાયેલ હતુ. અને, પર્ફોમા –૧૫ નંબરઃ ૧૦૮૭ તા.૦૯–૦૭–૧૬ થી ઉતારી, તેમજ પર્ફોમા –૧૫ નંબરઃ ૧૧૦૭૮ તા.૦૯–૦૭–૧૬ થી નવુ એવન કંપની ના મીટર નં. પીજી ૬૫૧૫૬૩ જે શરૂઆતના ૦૦૦૦૦ રીડીગ થી મુકવામા આવેલ હતુ. આ સમયે, જુના સવાલવાળા મીટર મા છેલ્લા રીડીગ ૧૨૪૬૯૭, જે તા.૦૯–૦૭–૧૬ ના પર્ફોમા –૧૫ નંબર : ૧૦૮૭ તેમજ ૧૧૦૭૮ મા નોંધાયેલ હતા. ત્યારબાદ, સદર મીટર ને તા.૧૪–૦૭–૧૬ ના રોજ, અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, લેબોરેટરી મા – ટેસ્ટબેન્ચ પર ચડાવી અને ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન, સદર મીટર ની ''વાયફેઇઝ ની પીટી '', જે મીટર ની અચોકકસ પ્રકાર ની આંતરીક ખામી ને કારણે મળતી ન હતી. આમ,સદર મીટર મા, આંતરીક રચનાઓની ક્ષતિગ્રસ્તતા ને કારણે, ''વાયફેઇઝ ની પીટી '' મળતી ન હોવાનુ કારણ લેબોરેટરી ચકાસણી રીપોર્ટ મા નોંધવામા આવેલ છે. લેબોરેટરી ચકાસણી સમયે, મીટર મા છેલ્લા રીડીગ ૧૨૪૬૯૭ નોંધાયેલ હોવાનુ જણાયેલ હતુ. તેમજ, સદર મીટર ના પેરામીટર મેળવવા મા આવેલ હતા. જે મુજબ, '' આરફેઇઝ–૨૪૦.૪, તેમજ વાયફેઇઝ–૦૦.૬૫ '' જણાયેલ હતા. જયારે, '' બી ફેઇઝ–૨૩૯.૬ '' મુજબ ના હતા. તેમજ, છેલ્લા રીડીગ ૧૨૪૬૯૭ નોંધાયેલ જણાયેલ હતા. આમ, સદર મીટર સ્થળ પર ૫૩.૯૩ % ધીમુ ફરતુ જણાયેલ હોવાની બાબત ને, લેબોરેટરી ચકાસણી દરમ્યાન પુરતુ સમર્થન મળેલ હોવાના કારણોસર, પીજીવીસીએલ તરફથી, મીટર ઉતાર્યા તા.૦૯–૦૭–૧૬ પહેલાના, જાન્યુઆરી–૧૬ થી મીટર ઉતાર્યા તા.૦૮–૦૭–૧૬ સુધી ના ૧૮૨ દિવસ ના સમયગાળા દરમ્યાન સદર મીટર ૫૩.૯૩ % ધીમુ ફરતુ હોય, ( એટલેકે સદર મીટર મા ૪૬.૦૭% મીટર મા ઓછા યુનીટ રેકોર્ડીગ થયેલ હોય) જેથી ૫૩.૯૩ % ધીમાપણા હેઠળ, ઓછા રેકોર્ડીગ થયેલ એવા ૩,૩૩૨ યુનીટ ની આકારણી અન્વયે ની ગણતરી મુજબ ની કુલ રકમ રૂ.૨૫,૩૮૮/૩૫ નુ, અરજદાર શ્રી ને પીજીવીસીએલ તરફથી, સદર જોડાણ નં. ૮૧૧૦૨/૦૦૦૮૯/૨ મા, પુરવણીબીલ, જે પત્ર નં. ૨૫૧૫ તા.૧૯–૦૭–૧૬ થી અપાયેલ છે. આ બાબત પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. અરજદારે સદર પુરવણીબીલ ની ૫૦% રકમ તા.૦૧–૦૮–૧૬ ના રોજ પીજીવીસીએલ મા વાંધા સાથે ભરપાઈ કરી અને સદર બીલ ને ન્યાયિક રીતે મુલવવા માટે ફોરમ સમક્ષ સવાલવાળી અરજી કરેલ છે. |

| | |
|---|---|
| ૨.૪ | ઉપરોક્ત મુદદા નં. ૨.૩ મુજબ ની વિગત ના અનુસંઘાને વિશેષ મા જણાવવાનુ કે, સદર સવાલવાળા , એલસ્ટાર કંપની ના મીટર નં. ૦૨૩૫૯૮૨૮ મીટર, જે વર્ષો જુનુ હોય, તેનો એમ.આર.આઈ. ડાઉનલોડ થઈ શકેલ નથી. તેમજ, સદર મીટર બનાવટ કંપની પણ પીજીવીસીએલ સાથે વર્ષ–૨૦૦૫ થી આજદિન સુધી કરારીત વ્યહવાર અન્વયે કાર્યરત નથી. આવા કારણોસર મીટર કંપની નો અભિપ્રાય પણ મેળવી શકાયેલ નથી. પરંતુ, સદર સવાલવાળા મીટર ની સ્થળ ચકાસણી અને લેબોરેટ્રરી ચકાસણી દરમ્યાન જણાયેલ, મીટર ની અચોકકસ પ્રકાર ની આંતરીક ખામી ના કારણોસર, ''વાયફેઇઝ ની પીટી મીસીગ હોવાના કારણોસર, વપરાશી એવા નોંઘાયેલ વીજભાર ની સામે વપરાશી યુનીટ '' ઓછા નોંઘાયેલ હોવાની બાબત, જે રેકર્ડ આઘારીત રીતે, સ્પષ્ટ થયેલ છે.તદઉપરાંત, સદર જોડાણ ના બીલીગ એકાઉન્ટ ( પી.આર.ટી.–૧૪૫) મા રેકર્ડ થયેલ વર્ષ–૨૦૧૪ તથા વર્ષ– ૨૦૧૫ ના ૦૨ વર્ષ દરમ્યાન ના બીલીગ ની વાસ્તવિક વીજવપરાશી યુનીટ ની બાબતો અભ્યાસે લેતા જણાયેલ છે કે, સદર જોડાણ મા, આ ત્રણ વર્ષો દરમ્યાન પ્રતિ બીલીગ સરેરાશી વીજવપરાશ ૧૧૦૦ યુનીટ થી વિશેષ રહેલ છે. જયારે, સવાલવાળા મીટર ઘીમાપણા ના વર્ષ–૨૦૧૬ દરમ્યાન વીજવપરાશ ૫૦૪ યુનીટ રહેલ છે. તેમજ, સદર જોડાણ નુ સવાલવાળુ, ઘીમાપણા વાળુ, મીટર બદલાવ્યા પછી, માહે જુલાઈ–૧૬ મા ૪૬૩ યુનીટ, ઓગષ્ટ–૧૬ મા ૯૨૧ યુનીટ, તેમજ સપ્ટેમ્બર–૧૬ મા ૭૩૧ યુનીટ નો વીજવપરાશ નોંઘાયેલ છે. આ તમામ બાબતો, સદર મીટર મા જણાયેલ ઘીમાપણા ને રેકર્ડ આઘારીત સમર્થન આપે છે. આમ, સદર મીટર મા જણાયેલ આ મુજબ ના કારણોસર ની ક્ષતિ ના કારણે, ૫૩.૯૩% ઘીમુ (વપરાશી વીજભાર સામે ઓછા યુનીટ રેકોર્ડીગ) ફરતુ જણાયેલ હોવાના કારણોસર, પીજીવીસીએલ તરફથી, ગ્રાહક શ્રી ને, નામદાર જીઈઆરસી ના ઘારાઘોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૩૩ મા કરાયેલ જોગવાઈ મુજબ, ૦૬ માસ ના મીટર ઘીમાપણા ની ગણતરીનુ, એટલેકે જાન્યુઆરી –૧૬ થી જુલાઈ–૧૬ સુઘી ના, કુલ ૧૮૨ દિવસ ની, ૫૩.૯૩% ની મીટર ઘીમાપણા ની ગણતરી અન્વયે, ઓછા રેકોર્ડીગ થયેલ એવા ૩૩૩૨ યુનીટ ની રકમ નુ, રૂ. ૨૫૩૮૮/૩૫ નુ પુરવણીબીલ, જે પીજીવીસીએલ ની સબંઘક કચેરી તરફથી, અરજદાર શ્રી ને પત્ર નં. ૨૫૧૫ તા.૧૯–૦૭–૧૬ થી અપાયેલ છે, તે બીલ નામદાર જીઈઆરસી ના ઘારાઘોરણ અન્વયે પીજીવીસીએલ ના નિયમાઘીન યોગ્ય છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના સ્થાપન પર ના, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ થી ૨.૨ અને મુદદા નં. ૨.૩ થી ૨.૪ મા વર્ણવ્યા મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના સવાલવાળા ૦૨ જોડાણો, જે અનુક્રમે (૧) ૮૧૧૦૨/૦૦૦૮૮/૪ અને નં. (૨) ૮૧૧૦૨/૦૦૦૮૯/૨, વાળા જોડાણો ના, મીટરો, ઉપરોક્ત અનુક્રમે મુદદા નં. ૨.૧ થી ૨.૨ અને મુદદા નં. ૨.૩ થી ૨.૪ મા વર્ણવ્યા મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, તા.૦૮–૦૭–૧૬ ના રોજ એકયુચેક મીટર મારફત કરાયેલ સ્થળ ચકાસણી અન્વયે, સદર ૦૨ જોડાણો ના મીટરો અનુક્રમે (૧) ૭૮.૨૦% અને (૨) ૫૩.૯૩ % ઘીમા ફરતા હોવાની બાબત પીજીવીસીએલ ને જણાયેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી, સદર ૦૨ જોડાણો ના સવાલવાળા મીટરો, જે ફરીયાદી અરજદાર શ્રી ના પ્રતિનીઘી ની હાજરી મા, તા.૧૪–૦૭–૧૬ ના રોજ લેબોરેટરી મા ચકાસવામા આવેલ હતા. લેબોરેટરી ચકાસણી દરમ્યાન સવાલવાળા ૦૨ મીટરો મા, આંતરીકે એવી તાંત્રીક ખામી ના કારણોસર, અનુક્રમે (૧) જોડાણ નં. : ૮૧૧૦૨/૦૦૦૮૮/૪ ના સવાલવાળા મીટર મા '' આરફેઇઝ તેમજ વાયફેઇઝ ની પીટી મીસીગ'' તેમજ (૨) જોડાણ નં.: ૮૧૧૦૨/૦૦૦૮૯/૨ ના સવાલવાળા મીટર મા ''વાયફેઇઝ ની પીટી મીસીગ ''ની બાબત જણાયેલ હતી. આમ, સદર સવાલવાળા ૦૨ મીટરો ની, અગાઉ તા.૦૮–૦૭–૧૬ ના રોજ ની સ્થળ ચકાસણી સમયે, સદર બન્ને મીટરો મા જણાયેલ મીટર ઘીમાપણા ના કારણોસર ની બાબત, સદર બન્ને મીટરો ની લેબોરેટરી ચકાસણી દરમ્યાન તાંત્રીક દ્રષ્ટીએ સ્પષ્ટ થયેલ હતી. એટલેકે સદર ૦૨ મીટરો ના ઘીમાપણા ના કારણો તાંત્રીક રીતુ સ્પષ્ટ થયેલ હોય, એ મુજબ સવાલવાળા બન્ને મીટરો ના ઘીમાપણા ને તાંત્રીક દ્રષ્ટીએ થયેલ ચકાસણી મા સમર્થન મળેલ છે. તેમજ, ખાસ કરીને, અનુક્રમે (૧) જોડાણ નં. : ૮૧૧૦૨/૦૦૦૮૮/૪ ના સવાલવાળા મીટર નો ડાઉનલોડ થયેલ એમ.આર.આઈ. અહેવાલ પણ સદર મીટર ને ઘીમાપણા નુ વિશેષ સમર્થન આપેલ છે. તદઉપરાંત,સવાલવાળા ૦૨ મીટરો વાળા જોડાણો ના, બીલીગ એકાઉન્ટ નો ઈતીહાસ ચકાસતા, સદર બન્ને જોડાણો વાળા સવાલવાળા મીટરો બદલાવ્યા અગાઉ ના ૦૨ થી ૦૫ વર્ષ ના સમયગાળા દરમ્યાન, સદર બન્ને જોડાણો મા થયેલ, વાસ્તવિક પ્રતિ માસ સરેરાશ બીલીગ યુનીટ વીજવપરાશ ની સામે, મીટર ઘીમાપણા ના સમયગાળા ના વર્ષ–૨૦૧૬ મા, સદર ૦૨ જોડાણો ના સવાલવાળા મીટરો મા નોંઘાયેલ પ્રતિ બીલીગ યુનીટ નોંઘપાત્ર રીતે – ઘણા જ ઓછા રેકોર્ડીગ થયેલ છે. તેમજ, સદર ૦૨ જોડાણો ના સવાલવાળા ૦૨ મીટરો બદલાવ્યા પછી, સદર બન્ને જોડાણો મા, પ્રતિ બીલીગ વાસ્તવિક યુનીટ વીજવપરાશ મા પણ નોંઘપાત્ર વઘારો થયેલ હોવાની બાબત પણ, સદર બન્ને જોડાણો ના બીલીગ એકાઉન્ટ મા સ્પષ્ટ જણાયેલ છે. આમ, આ મુજબ ના, તમામ પ્રકાર ના તાંત્રીક તેમજ હિસાબકીય બાબતો મા રહેલ, રેકર્ડ આઘારીત હકીકતો અભ્યાસે લેતા, સદર ૦૨ જોડાણો ના મીટરો મા રહેલ ઘીમાપણુ ખરેખર સ્પષ્ટ થયેલ છે. પીજીવીસીએલ મા પ્રવર્તમાન નામદાર જીઈઆરસી ના ઘારાઘોરણ-- એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૩૩ મા કરાયેલ જોગવાઈ મુજબ, મીટર ઘીમાપણા |

( ઈનએકયુરેસી) ના સમયગાળા ની, બીલીગ અન્વયે ના યુનીટ ની આકારણી નો સમયગાળો, જે મીટર ઉતાર્યા પહેલાના, મહતમ ૦૬ માસ સુધી નો રાખવાની જોગવાઈ છે. અરજદાર શ્રી ના સવાલવાળા ૦૨ જોડાણો ના ૦૨ મીટરો નો મીટર ધીમાપણા નો સમયગાળો, જે ખરેખર ૦૬ માસ થી પણ વિશેષ જણાયેલ હોવા છતા, પીજીવીસીએલ તરફથી, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની જોગવાઈ અંતર્ગત ની મર્યાદા હેઠળ, અરજદાર શ્રી ના સદર ૦૨ જોડાણો મા, અપાયેલ સવાલવાળા, મીટર ધીમાપણા ના પુરવણીબીલો – જે અનુક્રમે (૧) જોડાણ નં. ૮૧૧૦૨/૦૦૦૮૮/૪ ના સવાલવાળા મીટર મા ગ્રાહક શ્રી ને, સદર ૦૯ માસ ના ધીમાપણા ની ગણતરી નુ પુરવણીબીલ આપવાને બદલે, પીજીવીસીએલ તરફથી, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૩૩ મા કરાયેલ જોગવાઈ મુજબ, ૦૬ માસ ના મીટર ધીમાપણા ની ગણતરીનુ, એટલેકે જાન્યુઆરી–૧૬ થી જુલાઈ–૧૬ સુધી ના, કુલ ૧૮૨ દિવસ ની, ૭૮.૨૦% ની મીટર ધીમાપણા ની ગણતરી અન્વયે, ઓછા રેકોર્ડીંગ થયેલ એવા ૧૨૪૨ યુનીટ ની રકમ નુ, રૂ. ૯૫૦૩/૪૬ નુ પુરવણીબીલ, જે પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, અરજદાર શ્રી ને, તેમના સદર જોડાણ નં. ૮૧૧૦૨/૦૦૦૮૮/૪ ના મીટર ના ધીમાપણા માટે, પત્ર નં. ૨૫૧૪ તા.૧૯–૦૭–૧૬ થી અપાયેલ છે. તે બીલ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. તથા (૨) જોડાણ નં. ૮૧૧૦૨/૦૦૦૮૯/૨ ના સવાલવાળા મીટર મા, મીટર ઉતાર્યા તા.૦૯–૦૭–૧૬ પહેલાના, જાન્યુઆરી–૧૬ થી મીટર ઉતાર્યા તા.૦૮–૦૭–૧૬ સુધી ના સમયગાળા દરમ્યાન સદર મીટર ૫૩.૯૩ % ધીમુ ફરતુ હોય, ( એટલેકે સદર મીટર મા ૪૬.૦૭% મીટર મા ઓછા યુનીટ રેકોર્ડીંગ થયેલ હોય) જેથી ૫૩.૯૩ % ધીમાપણા હેઠળ, ઓછા રેકોર્ડીંગ થયેલ એવા ૩,૩૩૨ યુનીટ ની આકારણી અન્વયે ની ગણતરી મુજબ ની કુલ રકમ રૂ.૨૫,૩૮૮/૩૫ નુ પુરવણીબીલ, જે અરજદાર શ્રી ને પીજીવીસીએલ તરફથી, પત્ર નં. ૨૫૧૫ તા.૧૯–૦૭–૧૬ થી અપાયેલ છે. આમ, અરજદાર શ્રી ના સવાલવાળા ૦૨ જોડાણો ના, સવાલવાળા મીટર મા જણાયેલ, મીટર ધીમાપણા ની ગણતરી અન્વયે, પીજીવીસીએલ તરફથી અપાયેલ સવાલવાળા, ૦૨ પુરવણીબીલો અરજદાર શ્રી ને આપવાની બાબત, જે જીઈઆરસી ના માર્ગદર્શીકા હેઠળ ના ધારાધોરણ અન્વયે પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. સદર કેઈસ મા, તે મુજબ ની જાણકારી, જે ખાસ કરીને ફરીયાદી અરજદાર શ્રી ને આપવા સબબ નો, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**મુદદા નં.–૪ :**

**હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની સવાલવાળી મુદદા નં. ૧.૧ અને ૧.૨ મુજબ ની વિગતે ના, તેમના ૦૨ જોડાણો મા અપાયેલ, મીટર ધીમાપણા અન્વયે ના, પીજીવીસીએલ તરફથી અપાયેલ પુરવણીબીલો ની કાર્યવાહી ને, રેકર્ડ આધારીત સમર્થન મળેલ હોય, જે નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની માર્ગદર્શીકા ને આનુષાંગીક હોય, સદર ૦૨ પુરવણીબીલો, જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમ મુજબ યોગ્ય હોવા સબબ નો, સદર કેઈસ મા હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેક્નીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..